ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G

# ગાંધીનગરમાં ઉઘાડ વરસાદનો મિશ્ર માહોલ

આકાશ વાદળોથી ઘેરાયેલું છે પરંતુ વરસાદ પડતો નથી : ઝરમર છાંટા ગંદકી ફેલાવે છે



(તસવીર : દિપક જાની)

ગાંધીનગર, તા. ૧૩

શ્રાવણ માસના પ્રારંભે શહેરમાં મિશ્ર વાતાવરણ જોવા મળી રહ્યું છે. વરસાદ ઘેરાયેલો રહે છે પરંતુ મન મુકીને વરસતો નથી. વારંવાર છાંટા પડતા ગંદકી ફેલાય છે.

ગયા અઠવાડિયાથી વરસાદનું જોર ઘટયું છે. ધોધમાર વરસાદ નથી થતો પરંતુ ક્યારેક ઝરમર વરસાદ વરસી જાય છે. છેલ્લા બે દિવસથી આકાશમાં ઘટાટોપ વાદળો ઘેરાયેલા છે. રાત્રે તો વિજળીના કડાકા અને વાદળોની ગર્જના થતી હતી અને એવું લાગતું હતું કે હમણાં જ ધોધમાર વરસાદ વરસી પડશે પરંતુ એવું થયું નહી. પવન સાથે કાળા ડિબાંગ વાદળો ખેંચાઈ જતા રાત્રે બહુ વરસાદ ન પડયો. આજે સવારથી જ આકાશમાં વાદળો ઘેરાયેલા છે અને ક્યારેક સાવ ધીમી ધારે વરસાદ પડે છે. વરસાદી વાતાવરણના કારણે ભેજનું પ્રમાણ ખુબ વધુ છે. ભેજ વધુ રહેતા બફારો ખુબ લાગે છે. જરાક ઉઘાડ નીકળે તો પરસેવે રેબઝેબ થઈ જવાય છે. વરસાદી માહોલમાં ઝરમર વરસાદથી ઠેર ઠેર કાદવ કિચડના થર જામ્યા છે. મચ્છરો અને અન્ય જીવજંતુઓનો ઉપદ્રવ વધતા રોગચાળાનું પ્રમાણ વધ્યું છે. મચ્છરજન્ય રોગચાળાએ માથું ઉંચકયું છે હોસ્પિટલો દર્દીઓથી ઉભરાઈ રહી છે. આગામી દિવસોમાં વધુ વરસાદ પડે તેવી આગાહી વ્યકત કરવામાં આવી છે. આજે દિવસ દરમિયાન માત્ર ૨.૫. મી.મી. વરસાદ નોંધાયો હતો.

# સ્વાતંત્ર્ય દિન પૂર્વે જિલ્લાના માર્ગોનું પેચવર્ક હાથ ધરાયું

## અડાલજ-કલોલ સહીત વિવિધ સાત માર્ગોનું સમારકામ હાથ ધરાયું

ગાંધીનગર, તા. ૧૩

આગામી સ્વાતંત્ર્ય દિનની ઉજવણીને અનુલક્ષી વરસાદમાં ધોવાણ થયેલા જિલ્લાના વિવિધ ૭ માર્ગોનું પેચવર્ક હાથ ધરવામાં આવ્યું છે. સતત વરસાદના લીધે શહેરના માર્ગો સહીત જિલ્લાને જોડતા રસ્તાઓ પણ મગરની પીઠ જેવા થઈ ગયા છે. જ્યારે કેટલાક ઠેકાણે માર્ગો પર ગાબડા અસ્તિત્વમાં આવ્યા છે. જેને ધ્યાને લઈ તંત્ર દ્વારા સરકાર કક્ષાએથી મંજુરી લઈ ઉઘાડ દરમિયાન રસ્તાઓના મરામતનું કામ હાથ ધરાયું છે.

આગામી ૧૫ ઓગષ્ટે સ્વાતંત્ર્ય પર્વની ઉજવણીને અનુલક્ષી પૂર્વ તૈયારીઓ શરૂ કરી દેવાઈ છે. કલોલ ખાતે જિલ્લાકક્ષાની ઉજવણી કરવામાં આવનાર છે. બીજી તરફ સ્વાતંત્ર્ય દિનની ઉજવણીને અનુલક્ષી વી.આઈ.પી.ની અવરજવર અને આમ નાગરિકોને પડતી હાલાકી નિવારવા તંત્ર દ્વારા માર્ગોનું સમારકામ હાથ ધરવામાં આવ્યું છે. છેલ્લા દોઢ મહીનાથી સતત વરસાદના લીધે શહેર અને જિલ્લાના મોટાભાગના રસ્તાઓનું ધોવાણ થતાં માર્ગોને નુકશાન પહોંચ્યું છે. થોડા સમય અગાઉ ઉઘાડ નિકળતા શહેરના માર્ગોની સફાઈ તેમજ ડામરની કાંકરીઓ ઉખડતી અટકાવવા સ્પ્રે કરવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી. જ્યારે સ્વાતંત્ર્ય દિન પર્વે જિલ્લાના વિવિધ માર્ગોનું પણ પેચવર્ક હાથ ધરવામાં આવ્યું છે. સૂત્રોના જણાવ્યા અનુસાર ઈન્દ્રોડા સર્કલથી હાંસોલ પુલ, એસ.જી. હાઈવે, અડાલજ-કલોલ માણસા માર્ગ, ગુનવા-હિંમતપુરા-આશ્રમ ચોકડીથી પિલવાઈ ચિલોડા-સાદરા, દહેગામ-નાંદોલ, શાહપુર-લવારપુર સહીતના વિવિધ ૭ માર્ગોને વરસાદી દિવસોમાં નુકશાન થતા રસ્તાઓ પર પેચીસ પડી ગયા છે. જેને ધ્યાને લઈ તંત્ર દ્વારા આ તમામ માર્ગો પર પેચવર્કની કામગીરી હાથ ધરવામાં આવી છે.



(તસવીર : દિપક જાની)

સ્વાતંત્ર્ય દિનની તૈયારી - સેક્ટર-૧૧ના રામકથા મેદાનમાં સ્વાતંત્ર્ય દિનની ઉજવણી ધામધૂમથી કરાશે... જિલ્લા વહીવટીતંત્ર દ્વારા યોજાનાર સ્વાતંત્ર્ય દિન સમારોહ ગાંધીનગરની વિવિધ શાળાઓના બાળકો વ્યાયામના પ્રયોગો તથા સાંસ્કૃતિક કૃતિઓનું નિદર્શન કરશે...

## ખૂણે... ...ખાંચરેથી

- ૧૭મીએ યોજાનાર પંચાયતી રાજ અને ગ્રામ વિકાસના રાષ્ટ્રીય સેમિનાર માટે ૩૫ જેટલી હોટલો બુક કરાઈ હોવાનું જાણવા મળેલ છે.
- ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા ધ્વજવંદન કાર્યક્રમ મહાનગરપાલિકાની કચેરીએ યોજાશે
- ગાંધીનગર જિલ્લાના કલસ્ટર અધિકારીઓને હવે એ.ટી.વી.ટી.ની તાલિમ માટે મોકલવામાં આવશે.
- એમ.બી.પટેલ વિદ્યાલય દ્વારા કડી સંકુલના વિદ્યાર્થીઓ માટે માતૃ-પિતૃ વંદનાનો ખાસ સાંસ્કૃતિક કાર્યક્રમ રજુ થઈ રહ્યો છે. આ કાર્યક્રમ વિદ્યાર્થીઓ માટે જ છે અને તેનું સંચાલન અને એન્કરીંગ એશા એન. જોશી નામની બાળકી કરી રહી છે.
- સે. ૧૭માં આવેલ પ્રાપ્તી લોન્ડ્રી દ્વારા ભારત માતા કી જય જય બોલનારના કપડાં મફત ઈસ્ત્રી કરી આપશે તેમજ જય બોલનારને મોં પણ મીઠુ કરાવવામાં આવશે.
- ગાંધીનગર રોટરી કલબના સભ્યો સ્વાતંત્ર્ય દિનની ઉજવણી કૈલાસધામ ખાતે કરશે.
- ૧૭મીએ ગાંધીનગર જિલ્લામાં ધો. ૬ થી ૮ના ભાષા, ગણિત, વિજ્ઞાન અને સામાજિક વિજ્ઞાન વિષયના શિક્ષકોની જિલ્લાફેર બદલીનો કેમ્પ ચરાડા ખાતે યોજાશે.
- ગાંધીનગર જિલ્લા પંચાયત સરદાર હોલમાં આજે યુથ કોંગ્રેસના આગેવાનોની બેઠક નિરીક્ષક વિદેશ ચૌધરીની હાજરીમાં મળી હતી.
- ગુજરાત પરિવર્તન પાર્ટી દ્વારા લોકાયુકત મુદ્દે રાજયના રાજયપાલને મળી રજુઆત કરવામાં આવી હતી.

# જિલ્લામાં ૧૩-૧૪ સપ્ટે.ના રોજ ગરીબ કલ્યાણ મેળા યોજાશે

ગાંધીનગર, તા. ૧૩

ગાંધીનગર જિલ્લાના ગરીબ કલ્યાણ મેળા આગામી ૧૩ અને ૧૪ સપ્ટેમ્બરના રોજ યોજવામાં આવશે.

જિલ્લામાં પ્રાંત કક્ષાએ યોજાનાર આ ગરીબ કલ્યાણ મેળાના સ્થળોની પસંદગી હવે પછી કરવામાં આવશે. આ મેળામાં જિલ્લાના ૧૧ હજાર જેટલા લાભાર્થીઓને રૂ. ૧૨ કરોડની સહાય ચુકવવામાં આવશે.

ગાંધીનગર અને દહેગામ તાલુકાનો મેળો ગાંધીનગરમાં અને માણસા કલોલ તાલુકાનો મેળો કલોલમાં યોજાશે. ગરીબ કલ્યાણ મેળાની તારીખો જાહેર થતાં જ તંત્ર દ્વારા આ અંગેની તડામાર તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે.

મળતી વિગતો મુજબ આ ગરીબ કલ્યાણ મેળામાં લાભાર્થીઓને ખાસ કરીને સ્વરોજગાર યોજનાના લાભ વધુ આપવામાં આવશે. આ ઉપરાંત ખાસ કરીને કેન્દ્ર પુરસ્કૃત યોજનાઓનો વિશેષ સમાવેશ કરવામાં આવશે.

છેલ્લા ચાર વર્ષથી રાજયમાં ગરીબ કલ્યાણ મેળાઓનું આયોજન સરકાર દ્વારા કરવામાં આવી રહ્યું છે. ગરીબ કલ્યાણ મેળામાં પ્રથમ વખત તેના સ્વરૂપમાં ફેરફાર કરી સ્વરોજગારીની યોજના પર ભાર મુકવામાં આવ્યો છે.

યોજનાના લાભાર્થીઓની ડેટા એન્ટ્રી પણ તંત્ર દ્વારા શરૂ કરી દેવામાં આવી છે અને આ કામગીરી પણ તેના અંતિમ તબક્કામાં પ્રવેશી ચુકી હોવાનું જાણવા મળેલ છે.

# સે. ૫ના સીએનજી પંપમાં ધડાકો

## જી.એસ.પી.સી. કંપનીના કર્મચારીઓ ગેસ લાઈન ટેસ્ટીંગ કરી રહ્યા હતા ત્યારે બનેલી ઘટના

### ત્રણ કર્મીઓ દાઝ્યા

ગાંધીનગર, તા. ૧૩

ગાંધીનગરના સેક્ટર-૫ ખાતે નવા બનેલા સીએનજી પંપમાં આજે બપોરના અરસામાં બ્લાસ્ટ થવા પામ્યો હતો. જી.એસ.પી.સી. કંપનીના કર્મચારીઓ ગેસ લાઈનનું ટેસ્ટીંગ કરી રહ્યા હતા ત્યારે બનેલી આ ઘટનામાં ત્રણ કર્મચારીઓ દાઝી ગયા હતા. ત્રણેયને હોસ્પિટલમાં સારવાર અર્થે દાખલ કરવામાં આવ્યા છે જે પૈકી એકને રજા પણ આપી દેવામાં આવી છે. સદ્‌ભાગ્યે આ પંપ પર અન્ય કોઈ હાજર ન હોવાથી મોટી દુર્ઘટના ટળી હતી.

જી.એસ.પી.સી. સી.એન.જી. ગેસ કંપનીના ૩૨ વર્ષિય મનોજભાઈ સુભાષભાઈ પરીકા, ૩૫ વર્ષીય રવિરાજભાઈ હેગડે અને ૩૦ વર્ષીય મિતુલભાઈ ઠાકોરભાઈ પંચાલ સહીતના ટેકનીકલ સ્ટાફના માણસો ગેસ લાઈન ચેકીંગ કરવા માટે અને સર્વીસ કરવા માટે સે. ૫ ખાતે નવા બનેલા ગેસ પંપ ખાતે આવ્યા હતા. સર્વીસની કામગીરી દરમ્યાન સામાન્ય બ્લાસ્ટ થતાં ત્રણેય કર્મચારીઓ દાઝી ગયા હતા. જેમને તાત્કાલિક ગાંધીનગર સિવિલ લઈ જવાયા હતા. એકને ડીસ્ચાર્જ આપી દેવામાં આવી હતી જ્યારે એક હજુ દાખલ છે અને તે પૈકી એક કર્મચારીને એપોલો હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે.


સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા

સૂચના

આથી અમારા માનવંતા ગ્રાહકોને જણાવવાનું કે, અમારી સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા - RASMECCC - (રાસ્મેક) (લોન વિભાગ) ઓફીસ કે જે એડમિન ઓફીસ સેક્ટર-૧૦/બી, ગાંધીનગર ખાતે કાર્યરત હતી. તેને ગ્રાહકોની વધુ સારી સુવિધા માટે તા. ૨૯/૭/૨૦૧૩થી બ્લોક નં.-૯, ઉદ્યોગ ભવન, સેક્ટર-૧૧, ગાંધીનગર ખાતે સ્થળાંતર કરેલ છે. જેની સર્વે ગ્રાહક મિત્રોએ નોંધ લેવા વિનંતી છે.

ચીફ મેનેજર
સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા
RASMECCC, ગાંધીનગર

તા. ૧૨-૮-૨૦૧૩



પ્રથમ વાર્ષિક પુણ્યતિથિએ

શ્રદ્ધાંજલિ

સ્વ. અજયસિંહ સુરેન્દ્રસિંહ રાઠોડ
ગામ - બોરીજ
જન્મ તા. ૨૫-૨-૨૦૦૦
મરણ તા. ૧૪-૮-૨૦૧૨

સ્વ. કુલદિપસિંહ ભરતસિંહ રાઠોડ
ગામ - બોરીજ
જન્મ તા. ૨૩-૬-૨૦૦૧
મરણ તા. ૧૪-૮-૨૦૧૨

શું આપીએ અંજલી, શબ્દો ઓછા પડે છે.
શું આપી પુષ્પાંજલિ, પુષ્પો ઓછા પડે છે.
અંજલી અર્પણ કરીએ તો આંસુ સરી પડે છે
તસ્વીર તમારી નિહાળતા અમારું હૈયું રડી પડે છે.
પ્રભુ તમારા આત્માને શાંતિ અર્પે એ જ પ્રાર્થના.

લિ.

વાઘેલા ભરતસિંહ જીવણજી
વાઘેલા જોત્સનબા ભરતસિંહ
વાઘેલા દિલીપસિંહ જીવણજી
વાઘેલા હંસાબા દિલીપસિંહ
ગામ - સરગાણ, તા.જી. ગાંધીનગર




(તસવીર : કશ્યપ નિમાવત)

હરિયાળુ ગાંધીનગર - ચોમાસા બાદ ગાંધીનગર સોળેકળાએ ખીલી ઉઠે છે... ચારે તરફ હરિયાળી છવાઈ જાય છે... એમાંય પ્રકૃતિના વૈભવ સાથે તાલ મિલાવવા મોર કળા કરી રાજીપો વ્યક્ત કરે છે... પ્રકૃતિના આ વૈભવને સંધ્યા સમયે માણવો એ એક લ્હાવો છે.... આવો ક્યારેક આ વૈભવનો આનંદ આપણે પણ માણીએ...

# આદીવાડામાંથી તંત્રએ ૧૬ ટ્રેક્ટર ભરીને કચરો ઉલેચ્યો

## પાટનગર યોજના વિભાગે નમૂનારૂપ કામગીરી કરી : બોરીજ અને ફતેપુરામાં પણ સફાઈ કરાશે

ગાંધીનગર, તા. ૧૩

કચરો ઉઠાવો શહેરને 'રોચક' બનાવોની સોહામણી વાતો વચ્ચે શહેરી વિસ્તારમાં યોગ્ય સફાઈ વ્યવસ્થાના અભાવે કચરાના ઢગ ખડકાયા છે. ત્યારે શહેરી વિસ્તારમાં સમાવિષ્ટ ગામોમાં પણ ઉકરડા અસ્તિત્વમાં આવ્યા છે. આવા સંજોગોમાં સમસ્યાને ખો આપવાની નીતિથી દૂર હટી તંત્ર દ્વારા શહેરી વિસ્તારમાં સમાવિષ્ટ આદીવાડા ગામમાં નમુનારૂપ સફાઈ અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું. પાટનગર યોજના વિભાગ દ્વારા ગામમાંથી ૧૬ ટ્રેક્ટર ભરીને કચરો ઉલેચવામાં આવ્યો હતો. જ્યારે આગામી દિવસોમાં બોરીજ અને ફતેપુરા ગામમાં પણ સફાઈનું કામ હાથ ધરવામાં આવશે.

શહેરમાં સાડા ચાર દાયકાના અંતે પણ યોગ્ય સફાઈ વ્યવસ્થા ન ગોઠવાતા જાહેર સ્થળો ઉપરાંત સેક્ટરોના રહેણાંક વિસ્તારો હજુ પણ ગંદકીની ગિરફતમાં છે. નિર્મળ નગરની બે મોઢે વાતો થાય છે તે શહેરમાં જ સફાઈ વ્યવસ્થાની કાર્યયોજના હજુ આદર્શ અને ઉપદેશ સુધી સિમિત રહેતા સેક્ટરોમાં સ્વચ્છતાના મુદ્દે કન્ટેઈનરો મુકવા સિવાય કાંઈ થયું નથી.

બીજીતરફ ચોમાસાના વરસાદી દિવસોમાં ગંદકીની સમસ્યા વિકરાળ બની છે ત્યારે શહેરી વિસ્તારમાં સમાવિષ્ટ ગામોમાં પણ ઉકરડા અસ્તિત્વમાં આવ્યા છે. ગત સપ્તાહ દરમિયાન આદીવાડામાં વિભાગના અધિકારીઓએ રાઉન્ડ લેતા ગંદકીના બિહામણા દશ્યો નજરે પડ્યા હતા. રોગચાળાની સ્થિતિને ધ્યાને લઈ તંત્ર દ્વારા ગામમાં ત્વરિત સફાઈ અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું જ્યારે ગ્રામજનોના સહકારથી ૧૬ ટ્રેક્ટર ભરીને કચરો ઉલેચવામાં આવ્યો હતો. શહેરી વિસ્તારના ગામોને ગંદકીમાંથી ઉલેચવા આગામી દિવસોમાં બોરીજ અને આદીવાડામાં પણ સફાઈ કામગીરી હાથ ધરવામાં આવશે.

# ફુડ બિલ મામલે મોદીએ વડાપ્રધાનને પત્ર લખ્યો

## યોજના ગરીબો સુધી અનાજને પહોંચાડનારી નથી : ફુડ સિક્યુરિટી બિલ ગરીબોની થાળીમાંથી અનાજ છીનવી લેશે : નરેન્દ્ર મોદીના યુપીએ સરકાર પર આકરા પ્રહારો

ગાંધીનગર, તા.૧૩

ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીએ યુપીએ સરકારના ફુડ સિક્યોરીટી બીલ (અન્ન સુરક્ષા વટહુકમ)ની ગરીબો ઉપર પડનારી અત્યંત વિપરીત અસરો અંગે ગંભીર પ્રશ્નો ઉઠાવ્યા છે અને વધાપ્રધાનને પત્ર લખીને આ સંદર્ભમાં તમામ રાજ્યોના મુખ્યમંત્રીઓની બેઠક તાત્કાલીક બોલાવવાની માંગ કરી છે.

નરેન્દ્ર મોદીએ ફુડ સિક્યોરીટી ઓર્ડિનેન્સની જોગવાઈઓની છણાવટ કરતા જણાવ્યું છે કે કોંગ્રેસની આગેવાની હેઠળની યુપીએ સરકાર દ્વારા રાષ્ટ્રીય ખાદ્ય સુરક્ષા વટહુકમ (એનએફએસઓ) ઈશ્યુ કરાયા મુજબ બીપીએલ પરીવારોને મળવાપાત્ર અનાજમાં નોંધપાત્ર ઘટાડો કરવામાં આવ્યો છે. એનએફએસઓ મુજબ સરેરાશ પાંચ વ્યક્તિઓના એક બીપીએલ પરીવારને મળવાપાત્ર અનાજનું પ્રમાણ પરિવારદીઠ માસિક ૩૫ કિલોથી ઘટાડીને માત્ર ૨૫ કિલો કરવામાં આવ્યું છે જ્યાં અનાજની વાત છે તો બીપીએલ પરીવારો જે સૌથી વધુ અસરગ્રસ્ત છે અને તેમને સબસીડીયુક્ત દરે અનાજ આપવાની જરૂર છે.

વડાપ્રધાનને લખેલા પત્રમાં મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીએ રાષ્ટ્રીય ખાદ્ય સુરક્ષા વટહુકમ એનએફએસઓ અંગે ગંભીર ચિંતા વ્યક્ત કરી છે. તેમણે જણાવ્યું હતું કે આ વટહુકમ દ્વારા ગરીબ પરીવારોને અનાજ સુરક્ષાને અસર થશે. તેમમે જણાવ્યું હતું કે આ વટહુકમથી ખાદ્યસુરક્ષાનો પ્રાથમિક ઉદ્દેશ સિદ્ધ થતો નથી.


SANGHI CEMENT
C. C. C. (Customer Care Centre)
Gandhinagar District

VINAYAK 500
TMT BARS - ISI
ડીસ્ટ્રીબ્યુટર - ઉત્તર ગુજરાત
તાલુકા પ્રમાણે ડિલર આવકાર્ય છે.

જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨ ૮૭૮૭૭, ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Y.A. MANSURI
SANJAY S. SHAH
Since 1986
अभय
Government Approved Contractor
• Corporate Gathering • Celebrations • Marriage
• Exhibitions • Reception • Parties • Seminars
ABHAY DECORATORS
CORRESPONDENCE OFFICE

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
એપોલો/બીરલા/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
BIRLA TYRES
CEAT


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com